For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મા બાળકને અને બાળક માતાને છોડવા તૈયાર નથી / પણ ભણવું તો પડે જ

# શાળાના પહેલા દિવસે ‘કહીં ખુશી કહીં ગમ’

1  2  3 

■ વનિતા વિશ્રામ શાળામાં એક બાળકીએ તો શાળામાં નહીં જવા માટે આળોટવાનું શરુ કર્યું હતું જે જોતા કોઇ જ હાસ્ય રોકી શકતું ન હતું









■ બાળક જન્મે ત્યારથી ઘરમાં જ હોય પરિવારની છત્રછાયા અને માતાનાં ખોળામાં જ ઉછરે છે પરંતુ એક દિવસ એવો આવે જ્યારે સ્કૂલ જવું પડે છે. આ દિવસે દરેક સ્કૂલમાં કહીં ખુશી કહીં ગમ જેવો માહોલ જોવા મળે છે. પણ પરિસ્થિતિ અંતે થાળે પડી જાય છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

# ભૂતિયા ડિમોલિશનનો વિવાદ હવે હાઇકોર્ટમાં પહોંચ્યો

**નાસીરનગરમાં** ૩૫ વર્ષથી વસવાટ કરતા પરિવારોને બેઘર કરવાનો આક્ષેપ

**ડિમોલિશન** કાર્યવાહી પર રોક લગાવવાની માંગ કરાઇ

સુરતઃ શહેરના વેડ દરવાજા વિસ્તારમાં આવેલી નાસીર ઝૂંપડપટ્ટીમાં ચાલી રહેલી ડિમોલિશન કાર્યવાહી સામે એક રહેવાસીએ ગુજરાત હાઇકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. શેખ

...અનુસંધાન પાના ૧૩ પર

### ડિમોલિશન કરનારા સામે ફોજદારી કરવા કોર્ટમાં ફરિયાદ કરાશે

નકલી ડિમોલીશન કરનારાની સામે ફોજદારી કાર્યવાહી કરવા માટે સ્થાનિક કોર્ટમાં ફરિયાદ કરવામાં આવશે તેમ અરજદારનાં વકીલ ઝમીર શેખે જણાવ્યું હતું. આ અંગેની અરજી આવતીકાલે સુરત કોર્ટમાં રજુ કરવામાં આવશે તેમ વકીલ ઝમીર શેખે ઉમેર્યું હતું.

બિલ્ડર સંજય અને શૈલેષ દ્વારા ખેલ ગોઠવી વેડ રોડના નાસીરનગરમાં કરાયેલા

## ડિમોલિશનમાં રસ્તા રેખાની બહારનાં મકાનો તોડી પડાયાં

**નાસીરનગરમાં** રસ્તારેખાનાં કેટલાંક બાંધકામો હજુ હયાત છે

84 પરિવાર સંપૂર્ણપણે બેઘર, 30 પરિવારોના મકાનો અડધાં તૂટ્યાં

સુરત : વેડરોડના નાસીરનગરમાં બિલ્ડર સંજય અને શૈલેષ દ્વારા સોપારી ફોડીને મનપા અને પોલીસના સહકારમાં કરાયેલા ભુતિયા ડિમોલિશનના વિવાદમાં એક તરફ મામલો હાઈકોર્ટમાં ગયો છે તો બીજી તરફ એવી વિગતો બહાર આવી છે કે જે રસ્તા રેખાની વાત કરવામાં આવી છે તેની અસરમાં આવતા કેટલાક મકાનો હજુ હયાત છે. જ્યારે અન્ય મકાનો તોડી પાડવામાં આવ્યા છે. આ ડિમોલિશનને કારણે 84 પરિવારો એવા છે કે સંપૂર્ણ બેઘર થયા છે. જ્યારે 30 પરિવારો એવા છે કે

...અનુસંધાન પાના ૧૩ પર

### વિવાદીત જગ્યાના દસ્તાવેજોમાં પાલિયા પરિવાર અને મનપાની માલિકીનો ઉલ્લેખ

જે જગ્યા પર ભુતિયું ડિમોલિશન કરવામાં આવ્યું તે નાસીરનગરની વિવાદીત વોર્ડ નં. 7ના નોંધ નં. 1268/બી હેઠળની જમીનમાં માલિક તરીકે કથિત રીતે સુરત મહાનગરપાલિકા તથા પાલિયા પરિવારના સભ્યોના નામ દર્શાવવામાં આવ્યા છે. પાલિયા પરિવાર પૈકી એક મહિલા હજુ હયાત પણ હોવાની ચર્ચા છે. જો આ માહિતી સત્તાવાર દસ્તાવેજોથી સમર્થિત થાય તો જમીનની માલિકી, કબજા અને ડિમોલીશનની કાનૂની પ્રક્રિયા અંગે પણ નવા પ્રશ્નો ઊભા થઈ શકે છે.

વિદ્યાર્થીઓના કલરવથી શાળાઓ ગૂંજી ઊઠી

# 35 દિવસ બાદ શરૂ થયેલું શૈક્ષણિક સત્ર 120 દિવસ ચાલશે

**શહેરની** અનેક શાળાઓમાં પરંપરાગત સ્વાગતથી પ્રથમ દિવસ યાદગાર બન્યો

સુરતઃ ઉનાળાના 35 દિવસના લાંબા વેકેશન બાદ આજે રાજ્યભરમાં નવા શૈક્ષણિક વર્ષ 2026-27નો વિધિવત પ્રારંભ થયો હતો. કાળઝાળ ગરમી વચ્ચે પણ વિદ્યાર્થીઓમાં શાળાએ પરત ફરવાનો ઉત્સાહ જોવા મળ્યો હતો. સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી શાળાઓના પરિસરો ફરી એકવાર વિદ્યાર્થીઓના કલરવથી ગુંજી

...અનુસંધાન પાના ૧૩ પર

## અઠવાડિયા સુધી વિદ્યાર્થીઓ શિક્ષકનું મોં જોઇને પરત ફરશે

**ધો. 9થી** 12ની શાળાઓમાં પુસ્તકો જ નથી પહોંચ્યા

સુરતઃ સુરત સહિત રાજ્યભરમાં શૈક્ષણિક સત્ર 2026-27નો પ્રારંભ થઇ ગયો છે. નવા યુનિફોર્મ અને ઉત્સાહ સાથે વિદ્યાર્થીઓ શાળાએ પહોંચ્યા, પરંતુ ધોરણ 9થી 12ના અનેક વિદ્યાર્થીઓ માટે પ્રથમ દિવસ અધૂરો રહ્યો. ગ્રાન્ટેડ શાળાઓમાં સરકારી પાઠ્યપુસ્તકો હજુ સુધી ન પહોંચતાં વિદ્યાર્થીઓને પુસ્તકો વિના જ અભ્યાસ શરૂ કરવો પડ્યો છે. એક અઠવાડિયા સુધી પુસ્તક આવે તેમ નહીં હોવાથી વિદ્યાર્થીઓ પાસે શાળામાં જઇ શિક્ષકનું મોઢું જોઇને પરત આવવાનો એક જ વિકલ્પ બાકી રહ્યો છે. સામાન્ય રીતે દર વર્ષે ફેબ્રુઆરી મહિનાથી જ આગામી શૈક્ષણિક વર્ષના પાઠ્યપુસ્તકો શાળાઓમાં પહોંચાડી દેવામાં આવે છે. ત્યારબાદ પરિણામ જાહેર થતી વખતે વિદ્યાર્થીઓને નવા ધોરણના પુસ્તકો પણ આપવામાં આવે છે, જેથી તેઓ ઉનાળાના વેકેશન દરમિયાન આગામી અભ્યાસની તૈયારી કરી શકે. આ વર્ષે જોકે આ પ્રક્રિયામાં વિલંબ થતાં વિદ્યાર્થીઓને તે લાભ મળી શક્યો નથી. શાળા સંચાલકોના જણાવ્યા મુજબ આ વર્ષે અનેક ધોરણોના પાઠ્યપુસ્તકોમાં ફેરફાર કરવામાં આવ્યા હોવાથી

...અનુસંધાન પાના ૧૩ પર

## યુનિફોર્મ, બેગ અને સ્ટેશનરીમાં 15 ટકા સુધી ભાવવધારો

**સરકારની ના સમજાય તેવી નીતિઃ પુસ્તકો પર જીએસટી શૂન્ય, પરંતુ સ્ટેશનરી પર 6 ટકા વધારો**

**નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે વાલીઓ પર વધ્યો આર્થિક બોજ**

**સુરતઃ આજથી શરુ થયેલા નવા શૈક્ષણિક સત્રની સાથે જ વાલીઓ આર્થિક બોજ તળે વધુ દબાઇ તેવી સ્થિતિ છે. ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને**

...અનુસંધાન પાના ૧૩ પર

### સ્ટેશનરી ઉપર 6 ટકા જીએસટી વધારો કરાયો

**સ્ટેશનરી મર્ચન્ટ એસોસિએશનના સંજયભાઈ પટેલે જણાવ્યું હતું કે સરકાર પુસ્તકો પર જીએસટી હટાવીને રાહત આપવાનો દાવો કરે છે, પરંતુ બીજી તરફ સ્ટેશનરી અને શાળા ઉપયોગની અન્ય આવશ્યક વસ્તુઓ પર જીએસટી 12 ટકાથી વધારીને 18 ટકા કરવામાં આવ્યો છે. જેના કારણે સ્ટેશનરી સામાનમાં 12થી 15 ટકા સુધીનો ભાવવધારો થયો છે અને તેનો સીધો બોજ વાલીઓ પર આવી રહ્યો છે.**

### એક બાળક પાછળ હજારો રૂપિયાનો ખર્ચ

શહેરના વિવિધ વિસ્તારોમાં સ્કૂલ શોપિંગ માટે વાલીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. વાલીઓનું કહેવું છે કે એક બાળક માટે યુનિફોર્મ, શૂઝ, બેગ અને સ્ટેશનરી ખરીદવામાં

...અનુસંધાન પાના ૧૩ પર

### શિક્ષણ ખર્ચ સતત વધતા વાલીઓમાં ચિંતા

નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે જ વાલીઓ માટે શિક્ષણનો ખર્ચ સતત વધતો જઈ રહ્યો છે. પાઠ્યપુસ્તકો પર જીએસટી દૂર કરવામાં આવ્યો હોવા છતાં શૈક્ષણિક જીવન માટે

...અનુસંધાન પાના ૧૩ પર

લવ જેહાદ, જીમ જેહાદ બાદ હવે વિઝા જેહાદ

# સ્ટુડન્ટ વિઝાના નામે જૈન યુવતીઓને લંડન બોલાવી નિકાહ

**જૈન** સમાજની બે યુવતી સાથે વિધર્મીઓએ નિકાહ પઢી લીધા

**ઉમરગામની** આસપાસ આવી ઘટના અટકાવવા જૈન સમાજની ડીએસપીને રજૂઆત

### આખી ઘટનાની તપાસ એટીએસને અથવા સીઆઇડીને સોંપવાની રજૂઆત

આવી ઘટના આંતર રાજ્ય અને આંતરરાષ્ટ્રીય છે. આ ષડયંત્રમાં યુવકના પરિવાર સાથે કોઇ સંગઠન જોડાયેલું છે કે નહીં, વિદેશમાં તેના રહેવાની તેમજ નિકાહની વ્યવસ્થા કઇ રીતે થાય છે, તેમને ફંડ કોઇ આપે છે, વિગેરે પાસાની તપાસ માટે એટીએસને અથવા સીઆઇડી ક્રાઇમને આપવા માટે પણ જૈન સમાજે રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે, આ પરિવારના આર્થિક રેકોર્ડ, વિઝા તેમજ અન્ય વ્યવહારોની પણ તળિયા ઝાટક તપાસ થવી જોઇએ.

વલસાડઃ વલસાડના ઉમરગામ તાલુકામાં તાજેતરમાં જ જૈન સમાજની બે યુવતી સાથે વિધર્મીઓએ લગ્ન કર્યા અને તેમને લંડન લઈ ગયા હતા. આ ઘટનાઓથી ડઘાઈ ગયેલા જૈન સમાજે વિધર્મીઓ સાથે લગ્ન રોકવા આજરોજ વલસાડ ડીએસપીને એક આવેદનપત્ર પાઠવ્યું છે. જેમાં તેમણે યુવકો સુનિયોજીત રીતે આ રીતે લવ જેહાદ કરતાં હોવાના આક્ષેપો કર્યા હતા.

જૈન સમાજે આજરોજ વલસાડ એસપીને પાઠવેલા આવેનપત્રમાં જણાવ્યું કે, ઉમરગામના સંજાણ વિસ્તારમાં રહેતા યુવકો જૈન યુવતીઓને પ્લાનિંગ સાથે ભોળવી તેમની સાથે લગ્ન કરી તેને લંડન લઈ જાય છે. આ પ્રકારના બે કિસ્સા તાજેતરમાં જ બન્યાં છે. આ

...અનુસંધાન પાના ૧૩ પર

# લીલાં મરચાંનો ભાવ કિલોના 80થી સીધા 160 રૂપિયા

**ડીઝલ** મોંઘું થતાં ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધ્યો

**ટામેટાં**, ડુંગળી અને શાકભાજીના ભાવ પણ ઉછળ્યા

**જોકે** લીંબુના ભાવમાં રાહત છે

**શાકભાજીના ભાવોમાં વધઘટ**

- લીલા મરચા કિલોનો ભાવ 80 રૂપિયાથી વધી160 થયો
- ટામેટા 40 રૂપિયે કિલો થી વધી 60 થયો
- બટાકાનો ભાવ 30 રૂપિયાથી વધી 40 થયો
- ડુંગળીનો ભાવ 30 રૂપિયાથી વધી 40 થયો.
- લિંબુનો ભાવ કિલો 200/220 થી ઘટી 160 થયો

સુરત : શહેરની શાકભાજી માર્કેટોમાં છેલ્લા કેટલાક દિવસોથી ભાવ વધારાનો માહોલ જોવા મળી રહ્યો છે. ડીઝલના વધતા ભાવોના કારણે ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં વધારો થતાં વિવિધ શાકભાજીના ભાવોમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. ખાસ કરીને મરચાંના ભાવમાં થયેલો બમણો વધારો ગૃહિણીઓના બજેટ પર સીધી અસર કરી રહ્યો છે.

માર્કેટમાં થોડા સમય અગાઉ 80 રૂપિયા પ્રતિ કિલો વેચાતા લીલા મરચાંનો ભાવ હાલ વધીને સીધો 160 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. વેપારીઓના જણાવ્યા મુજબ

...અનુસંધાન પાના ૧૩ પર

# કેકશોપના માલિકે કર્મચારી યુવતીને નિર્વસ્ત્ર કરી ફટકારી

**હિસાબના** બહાને ઘરે બોલાવી બેડરૂમમાં ખેંચી જવા પ્રયાસ કર્યો

**યુવતીએ** પ્રતિકાર કરતાં ‘ટ્રફલ ટ્રીટ્ઝ’ના માલિકે દંડાથી ફટકારી

સુરતઃ અડાજણ વિસ્તારમાં ચાર જેટલી કેક શોપના માલિકે તેની જ દુકાનમાં કેશ કાઉન્ટર પર કામ કરતી ૨૮ વર્ષીય યુવતીને હિસાબમાં ગરબડ હોવાના બહાને ઘરે બોલાવી, તેના પર હુમલો કરી નિર્વસ્ત્ર કરી શારીરિક અડપલા કરતા મામલો પોલીસમાં પહોંચ્યો છે. પોલીસે નરાધમ માલિક નિકુંજ ઓમપ્રકાશ અગ્રવાલ ધરપકડ કરી છે.પોલીસે આ મામલે ઉલટ તપાસ પણ આદરી છે. અડાજણ વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય યુવતી છેલ્લા છ મહિનાથી અડાજણ ખાતે આવેલી ‘ટ્રફલ ટ્રીટ્ઝ’ નામની કેક શોપમાં કેશ કાઉન્ટર પર નોકરી કરતી હતી. આ કેક શોપનો માલિક ૩૫ વર્ષીય નિકુંજ ઓમપ્રકાશ અગ્રવાલ (રહે. સિલ્વર પ્લાઝા એપાર્ટમેન્ટ, આનંદ મહેલ રોડ, અડાજણ) આ જ વિસ્તારમાં આવી ચાર જેટલી કેક શોપ ધરાવે છે. બે દિવસ પહેલા નિકુંજના ઘરે કોઈ ન હતું, જેથી તેણે યુવતીને ફોન કરીને જણાવ્યું હતું કે, ‘તું હિસાબમાં ગરબડ કરે છે, જેથી હિસાબ લઈને મારા ઘરે આવ.’ માલિકના કહેવા પર યુવતી હિસાબની વિગતો લઈને તેના સિલ્વર પ્લાઝા એપાર્ટમેન્ટ સ્થિત ઘરે પહોંચી હતી. તે ત્યાં પહોંચતા જ તે તેને ખેંચીને બેડરૂમમાં લઈ ગયો હતો

...અનુસંધાન પાના ૧૩ પર

દક્ષિણ ગુજરાતમાં વરસાદની સંભાવના

# અરબ સાગર પર એકસાથે ત્રણ હવામાન સિસ્ટમ સક્રિય

**પ્રિમોન્સૂન** એક્ટિવિટી તેજ બનતાં હવામાનમાં મોટો ફેરફાર

**સુરતમાં** ગરમીથી રાહત, પરંતુ ઉકળાટ યથાવત રહેવાની શક્યતા

### ગુજરાતમાં ચોમાસાનું આગમન 15 જૂનની આસપાસ

હાલમાં નૈઋત્ય ચોમાસું દક્ષિણ ભારતમાં આગળ વધીને મેંગ્લોર સુધી પહોંચી ગયું છે. હવામાનની સ્થિતિ અનુકૂળ રહે તો ગુજરાતમાં ચોમાસું 15 જૂનની આસપાસ પ્રવેશ કરી શકે છે. પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું હોવાથી ગુજરાત તરફ પણ તેની ગતિ વધુ ઝડપી બનવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ચોમાસાના આગમન પૂર્વે રાજ્યમાં પ્રિમોન્સૂન વરસાદી પ્રવૃત્તિઓ વધવાની શક્યતા છે, જેના કારણે કેટલાક વિસ્તારોમાં રાહતરૂપ વરસાદ મળી શકે છે.

સુરતઃ સુરત સહિત સમગ્ર ગુજરાતમાં આગામી દિવસોમાં હવામાનમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળી શકે છે. દેશભરમાં પ્રિમોન્સૂન પ્રવૃત્તિઓ સક્રિય બનતાં નૈઋત્ય ચોમાસું ઝડપથી આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ ગુજરાતમાં આગામી સપ્તાહ દરમિયાન અનેક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ જામે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

સુરત શહેરમાં સોમવારે મહત્તમ તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન 0.7 ડિગ્રી ઘટીને 35.2 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન વધીને 28.9 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 66 ટકા ભેજ અને પ્રતિ કલાક 12 કિલોમીટરની

...અનુસંધાન પાના ૧૩ પર

# સુરતમાં દર ત્રણ દિવસે એક હત્યા થાય છે

**પાંચ** મહિનાના ટૂંકા ગાળામાં સુરતમાં હત્યાનો આંકડો હાફ સેન્ચ્યુરીને પાર

સુરતઃચમકતા હીરા અને રેશમી કાપડ માટે વિશ્વભરમાં વિખ્યાત એવું સુરત શહેર હવે ધીમે-ધીમે ગુનેગારોની સેફ હેવન અને ગુનાખોરીનું નવું પાવર સેન્ટર બનવા તરફ હરણફાળ ભરી રહ્યું છે. સુરત પોલીસના ચુસ્ત બંદોબસ્ત અને ઓલ ઈઝ વેલના મસમોટા બલૂનોની હવા ખુદ પોલીસ કમિશનર કચેરીના સત્તાવાર આંકડાઓએ જ કાઢી નાખી છે. શહેરમાં જાણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે કથળી ગઈ હોય તેમ ગુનેગારો પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે.ચાલુ વર્ષે માત્ર ૫ જ મહિનાના ટૂંકા ગાળામાં સુરતમાં હત્યાનો આંકડો હાફ સેન્ચ્યુરી એટલે કે પચાસને પાર કરી જતાં શહેરીજનોના શ્વાસ અધ્ધર થઈ ગયા છે.સરેરાશ ગણતરી માંડીએ તો સુરતમાં દર ત્રણ દિવસે એક વ્યક્તિને મોતને ઘાટ ઉતારી દેવામાં આવે છે, જેમાં સત્તાધારી પક્ષ ભાજપના નેતાની હત્યાનો પણ સમાવેશ થાય છે. પોલીસ ડેટાના ઝીણવટભર્યા વિશ્લેષણ પર નજર કરીએ તો, ગત વર્ષે આ જ સમયગાળા દરમિયાન સુરત શહેરમાં મર્ડરના ૨૩ ગુનાઓ નોંધાયા હતા. જ્યારે ચાલુ વર્ષના માત્ર પાંચ મહિનામાં જ લોહીની હોળી ખેલતા માફિયાઓ અને અસામાજિક તત્વોએ આ આંકડો સીધો ૫૦ પર પહોંચાડી

...અનુસંધાન પાના ૧૩ પર

## મગદલ્લામાં પત્નીની છેડતીની અદાવતમાં રિક્ષાચાલકની પથ્થરના ઘા ઝીંકી હત્યા

**મુસાફરી** કરતી મહિલા પાછળ પાગલ બનેલા રિક્ષાચાલકનો કરુણ અંત

**ઉધનાથી** પીછો કરી મગદલ્લા પહોંચેલા યુવકને પતિએ મોતને ઘાટ ઉતાર્યો

**અલથાણ** અને DCB પોલીસનું સંયુક્ત ઓપરેશનઃ હત્યાના ગણતરીના કલાકોમાં જ બિહારી શખ્સને દબોચી લેવાયો

સુરતઃ મગદલ્લારોડ ઉપર પત્નીની છેડતી કરનાર રિક્ષાચાલકના માથાના પર પથ્થરના ઉપરાછાપરી ઘા ઝીંકી નિર્મમ હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ચોંકાવનારી ઘટના અંગે અલથાણ પોલીસ અને ડી.સી.બી. (ક્રાઈમ બ્રાન્ચ) એ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગણતરીના કલાકોમાં જ હત્યારા પતિને ઝડપી પાડી જેલભેગો કર્યો છે. આ ઘટનાની મળતી માહિતી અનુસાર પાંડેસરાની જયગુરુદેવ સોસાયટીમાં રહેતો

...અનુસંધાન પાના ૧૩ પર


આરોપી


મૃતક

### હત્યારો બિહાર ભાગે તે પહેલાં જ ઝડપાયો

અલથાણ પોલીસ સ્ટેશનના પીઆઇ જીતેન્દ્ર ઝામરેના જણાવ્યા મુજબ અલથાણ પોલીસ અને ડીસીબીએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મૂળ જમુઇ (બિહાર)ના અને હાલ ઉધના રહેતા ૩૫ વર્ષીય હત્યારા રાજીવસીંગ સતીષસીંગ ઠાકુરને પકડી લીધો છે.આરોપીએ પત્નીની છેડતીની અદાવતમાં જ આ હત્યા કરી હોવાની કબૂલાત કરી છે, જેને પગલે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


**પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. ગમનલાલ ગંગારામ ટોપીવાલા
સ્વ. તા. ૦૯-૦૬-૨૦૨૫

કોઈએવી ક્ષણ નથી જ્યાં આપનું સ્મરણ ન હોય, કોઈ એવી જગ્યા નથી જ્યાં આપના પુનિત પગલા ન હોય, કોઈ એવી સફળતા નથી જ્યાં આપના પુરુષાર્થ ન હોય. આપ હંમેશા અમારી સાથે જ છો અને સાથે જ રહેશો. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. કલાવતીબેન ગમનલાલ ટોપીવાલા
જયેશભાઈ ટોપીવાલા
વિરેનભાઈ ટોપીવાલા | શૈલાબેન ટોપીવાલા
કલ્પનાબેન પટેલ | આશિષકુમાર પટેલ
નેન્સી, યુગ, માત્રી,
સમસ્ત મહેતાકેપ પરિવાર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦